# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-04-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## વકફ સુધારા વિધેયક:

આકાશવાણી,ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે. નમસ્કાર......

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ આજે વક્ફ સુધારા વિધેયક વિચારણા માટે અને પસાર કરવા લોકસભામાં રજૂ કર્યું. વિધેયક રજૂ કરતા શ્રી રિજિજુએ જણાવ્યું કે, આ વિધેયકને મુસ્લિમોના ધાર્મિક સ્થળો સાથે કોઈ સંબંધ નથી અને તે વક્ફ બોર્ડની મિલકતો સાથે જ સંકળાયેલું છે. તેમણે જણાવ્યું કે, સરકાર વક્ફ બોર્ડને સમાવેશી બનાવવા માંગે છે.

સામાજિક ન્યાય રાજ્યમંત્રી બી. એલ. વર્માએ કહ્યું, વિધેયક મુસ્લિમ સમુદાયના હિતમાં છે. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌના સાથ, સૌના વિકાસની ભાવનાથી કામ કરે છે.

ચર્ચા શરૂ કરતા, કૉંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈએ સરકાર પર આ બિલના માધ્યમથી લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે આ બિલ બંધારણની વિરુદ્ધ છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે કહ્યું કે આ કાયદો દેશની ધર્મનિરપેક્ષ છબીને નુકસાન પહોંચાડશે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી-એમ-ના સાંસદ જૉન બ્રિટાસે આક્ષેપ કર્યો કે, વક્ફ સુધારા વિધેયકનો ઉદ્દેશ સમાજમાં ધ્રુવિકરણ ઉત્પન્ન કરવાનો છે અને વિરોધ પક્ષ આ વિધેયકનો વિરોધ કરશે.

------------------------------------------------------------------------------------------

## કંડલા પોર્ટ-પ્રથમ ક્રમે:

દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરીને નાણાકીય વર્ષ 2024-25 માટે કાર્ગો હેન્ડલિંગમાં 150 એમએમટીનો આંકડો પાર કરીને એક વર્ષના અંતર બાદ પારાદીપ પોર્ટને પાછળ મુકીને દેશના પ્રથમ નંબરના મહાબંદરનો તાજ અંકે કરી લીધો છે.

ભારતના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર એવા કંડલા બંદરે 150.15 એમએમટી સાથે તેના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ પ્રાપ્ત કર્યું છે.

આ સિદ્ધિ પ્રાપ્ત થતા પોર્ટ ઓથોરિટી દ્વારા પોર્ટના ડોક યાર્ડમાં પ્રથમ વાર કેક કટીંગ અને ફુડ પેકેટ વીતરીત કરીને ઉજવણી કરાઈ હતી. અંદાજે 4,500 કામદારો અને મજૂરોને આ ફૂડ કીટ અને આવશ્યક દૈનિક ઉપયોગની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી.

દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહે આ ઐતિહાસિક સિદ્ધિ માટે તમામ હિસ્સેદારો - બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને કામદારો નો અતૂટ પ્રતિબદ્ધતા અને અથાક પ્રયાસો બદલ આભાર માન્યો હતો.

---

## <u>ડિસાની ઘટનાને પગલે કચ્છમાં પણ તકેદારી :</u>

ડિસામાં ગઈકાલે ફટાકડાની ફેક્ટરી અને ગોદામમાં આગની ઘટના બાદ કચ્છમાં વહીવટીતંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલે તમામ પ્રાંત અધિકારીઓને સ્થાનિકે ટીમો બનાવી ફટાકડાની ફેક્ટરીઓની તપાસ કરવા અને કયાંય પણ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થતું હોય કે ગેરકાયદેસરની પ્રવૃત્તિ થતી હોય તો કાર્યવાહી કરવા માટે આદેશ આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં તાજેતરમાં આગની ઘટનાઓ વધી છે. છેલ્લા એક અઠવાડિયામાં જ આગની પાંચથી વધુ નોંધપાત્ર ઘટનાઓ બની ચુકી છે ત્યારે તંત્ર તરફથી સાવચેતી માટેના આવી નક્કર કાર્યવાહીની આશા લોકો સેવી રહ્યા હતા.

---

## <u>આર.ટી.ઓ કચેરીઓની આવક:</u>

રાજ્યના સૌથી મોટા જિલ્લા કચ્છની ભુજ અને અંજાર આરટીઓ કચેરીઓ મારફતે નાણાકીય વર્ષ 2024-25માં કુલ 417 કરોડ જેટલી માતબર રકમ સરકારી તિજોરીમાં જમા થઈ છે. કચ્છમાં બે મોટા બંદર, સેંકડો ઉદ્યોગો અને કંપનીઓ ઉપરાંત ખાવડામાં રીન્યુએબલ એનર્જી પાર્ક,નમક પરિવહન, ખનિજ પરિવહન સાથે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મુખ્ય હોવાથી ટેક્સપેટે આરટીઓને માતબર આવક થાય છે.

પશ્ચિમ કચ્છ ભુજ આરટીઓ કચેરીને નાણાકીય વર્ષ દરમ્યાન ટેકસ અને નવા વાહનોની નોંધણી પેટે 186 કરોડ 53 લાખની આવક થઈ છે તો પૂર્વ કચ્છ અંજાર આરટીઓ કચેરીમાં 231 કરોડની આવક થઈ છે.

નાણાંકીય વર્ષ 2024-25માં નવા વાહનોની મોટા પાયે ખરીદી થઈ છે. ભુજ આરટીઓમાં 39,254 અને અંજાર આરટીઓમાં 43,423 નવા વાહનો મળી સમગ્ર જીલ્લામાં કુલ 82,677 નવા વાહનો માર્ગો પર દોડતા થયા છે.

---------------------------------------------------------------------------------------------

## ટેકાના ભાવે તુવેરદાળની ખરીદી:

રાજ્ય સરકારે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો સમય લંબાવીને 30 એપ્રિલ સુધી કર્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ચાલુ વર્ષે તુવેર પાકનું મબલખ વાવેતર અને ઉત્પાદન નોંધાયું છે. કેન્દ્ર સરકારે તુવેર માટે પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયા ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાનો ભાવ સારો મળતા રાજ્યના એક લાખ 23 હજારથી વધુ ખેડૂતોએ તુવેરનું વેચાણ કરવા માટે નોંધણી કરાવી હતી.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં ચૈત્ર માસના આરંભ સાથે ગરમીએ પોતાનો પ્રકોપ દેખાડવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગે બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 41.3 ડિગ્રી અને લઘુતમ તાપમાન 22.7 ડિગ્રી નોંધાયું છે. કંડલા એરપોર્ટમાં મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી રહ્યું હતું તો પશ્ચિમ કચ્છમાં નલિયા ખાતે લઘુતમ તાપમાન 16.8 ડિગ્રી નોંધાતા મિશ્ર વાતાવરણ અનુભવાયું હતું. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં રાત્રિનું તાપમાન 21થી 23 ડિગ્રી વચ્ચે રહ્યું હતું.

હવામાન વિભાગના અનુમાન મુજબ, એપ્રિલ માસમાં હીટવેવની સ્થિતિ વધુ જોવા મળી શકે છે. તો દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજયુક્ત ઊકળાટની આગાહી કરવામાં આવી છે.

દરમ્યાન, ગાંધીધામ શહેરમાં નાગરિકોને રાહત આપવા માટે મુખ્ય ચાર રસ્તા પર પોલીસે છાંયડા માટે ખાસ મંડપ ઊભા કર્યા છે.

---

## આઈ.પી.એલ:

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મૅચ રમાશે. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---